RAJKOT CHAMBER OF COMMERCE & INDUSTRY

# રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના પ્રમુખશ્રી વી.પી. વૈષ્ણવ દ્વારા તામમ વેપારી વર્ગો અને લોકોને રૂા.૧૦ ના સિકકાની લેવડ-દેવડ કરવા અને સહકાર આપવા ખાસ અપીલ...

રિઝર્વ બેન્ક ઓફ ઇન્ડિયા દ્વારા માન્ય ચલણ હોવા છતાં રાજકોટ-સૌરાષ્ટ્રના તમામ નાના મોટા વેપારી વર્ગોમાં અને લોકોમાં રૂા.૧૦ ના સિકકા ન સ્વીકારવા અને બજારમાં ચાલતા ન હોવાની અફવાઓ ફેલાઈ રહી હતી. જેના કારણે ખુબ જ હાલાકી પડી રહી હતી. આ બાબતે અગાઉ પણ રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા શહેરના તમામ નાના-મોટા વેપારીવર્ગોને રૂા.૧૦ ના સિકકાની લેવડ-દેવડ કરવા અને સહકાર આપવા ખાસ અનુરોધ કરવામાં આવેલ. તેમજ તા.૨૧-૫-૨૦૨૪ ના રોજ રાજકોટ જીલ્લા કલેકટરશ્રીની અધ્યક્ષતામાં મિટીંગ પણ યોજવામાં આવેલ અને રૂા.૧૦ સિકકાનો વધુમાં વધુ ઉપયોગ થાય તે માટે પ્રચાર કરવા જણાવેલ છે.

આમ રિઝર્વ બેન્ક ઓફ ઇન્ડિયાની ગાઈડલાઈન મુજબ અને રાજકોટ જીલ્લા કલેકટરશ્રીના આદેશને અનુસારીને તમામ વેપારી વર્ગો અને લોકોને રૂા.૧૦ના સિકકાની લેવડ-દેવડ કરવા અને સહકાર આપવા રાજકોટ ચેમ્બરના પ્રમુખશ્રી વી.પી. વૈષ્ણવ દ્વારા અપીલ કરવામાં આવે છે. તેમજ બજારમાં રૂા.૧૦ના સિકકા ચલણમાં નથી તેવી અફવાઓથી દુર રહેવા પણ ખાસ અનુરોધ કરવામાં આવે છે.

વધુમાં રૂા.૧૦ ના સિકકા લેવાનો કોઈપણ બેન્ક ઈન્કાર કરે અથવા તો કોઈપણ પ્રકારનો ચાર્જ વસુલવાનું જણાવે તો વિના સંકોચે રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીને લેખિતમાં જાણ કરવી. તેમ રાજકોટ ચેમ્બરની અખબારી યાદીમાં જણાવેલ છે.